# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)


ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી

અમરેલી-૩૬૫૬૦૧

ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨


**(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન )**

**#AmritMahotsav**

**અહી ક્લિક કરી કૃષિ હવામાન બુલેટીન અંગે આપના પ્રતિભાવ અવશ્ય જણાવો**

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે **ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા અંતિમ પેજની મુલાકાત લો

**અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૧૦૦/૨૦૨૧**

**તા. ૧૪-૧૨-૨૦૨૧**

**પાછલા અઠવાડીયાનું અમરેલીનું હવામાન**

| # | હવામાન પરિબળો | 08/12/2021 | 09/12/2021 | 10/12/2021 | 11/12/2021 | 12/12/2021 | 13/12/2021 | 14/12/2021 |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0.0 | 0.0 | 0.0 | 0.0 | 0.0 | 0.0 | 0.0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 28.8 | 29.8 | 29.0 | 29.8 | 30.4 | 29.9 | 29.0 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 18.0 | 16.8 | 17.4 | 16.4 | 17.4 | 16.0 | 14.6 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 72 | 69 | 67 | 67 | 66 | 78 | 74 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 43 | 36 | 43 | 42 | 37 | 36 | 27 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 6.4 | 5.3 | 5.7 | 5.7 | 4.5 | 3.2 | 3.2 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | ઉત્તર ઇશાન-22.5 | ઉત્તર-360 | ઇશાન-45 | ઉત્તર ઇશાન-22.5 | ઇશાન-45 | ઉત્તર-360 | ઉત્તર-360 |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |

અમરેલી જીલ્લાની તા. 15/12/2021 થી 19/12/2021 ની હવામાન આગાહી:

| # | હવામાન પરિબળો | 15/12/2021 | 16/12/2021 | 17/12/2021 | 18/12/2021 | 19/12/2021 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 30 | 30 | 29 | 27 | 27 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 14 | 15 | 13 | 12 | 12 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 34 | 40 | 29 | 37 | 32 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 18 | 24 | 24 | 16 | 22 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 15.2 | 16 | 18.8 | 19.6 | 21 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | ઉત્તર ઇશાન-32 | પૂર્વ ઇશાન-63 | પૂર્વ અગ્નિ-124 | ઉત્તર ઇશાન-25 | ઉત્તર ઇશાન-24 |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 3 | 4 | 2 | 0 | 0 |

**નોંધ:** આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઇ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.

## કૃષિ સલાહ

| | |
|---|---|
| **હવામાન સારાંશ** | અમરેલી જીલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન ગત અઠવાડિયા કરતા ઓછું ભેજવાળુ, ઠંડુ અને ચોખ્ખુ રહેવાની શક્યતા છે, લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની અને ઠંડી વધવાની શક્યતા છે. વરસાદ પડવાની કોઇ શક્યતા નથી. લઘુત્તમ તાપમાન **૧૨-૧૫** °સે અને મહત્તમ તાપમાન **૨૭-૩૦** °સે જેટલું રહેવાની શક્યતા છે. |

**પવનની ગતિ સામાન્ય કરતા વધુ, અંદાજીત ૧૫ થી ૨૧ કીમી/કલાકના ઝાટકા સાથે, દિશા મોટા ભાગે ઉત્તર ઇશાન થી પૂર્વ અગ્નિ રહેશે.**

**આગોતરું અનુમાનઃ** તા. ૧૯ થી ૨૫ ડીસેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં **વરસાદની કોઇ શકયતા નથી**. મહત્તમ તાપમાન સામાન્ય કરતા ઓછુ અને લઘુતમ તાપમાન સામાન્ય રહેવાની શક્યતા છે.

**સામાન્ય કૃષિ સલાહ**

- રવી પાક (ઘઉં, ગ્રામ, જીરું, અળસી અને રાઈ): તેની યોગ્ય વૃદ્ધિ માટે ખેતરને નીંદણ મુક્ત રાખવું. વાવણી પછી ૨૦ અને ૪૦ દિવસ પછી આંતરખેડ કરવી. આંતરખેડ બાદ જરૂર જણાય તો હાથ નિંદામણ કરવું
- કપાસ બાદ ઘઉંનો પાક લેવા માંગતા ખેડૂતો ઘઉંની મોડી વાવણી ની જાતો જી.ડબલ્યુ-૧૭૩, ૧૧, લોક-૧૧ વગેરે પસંદ કરી શકે છે.
- કપાસની છેલ્લી વીણી પછી ઘેટા બકરા ચરાવવા જેથી ગુલાબી ઈયળના નુકશાન વાળા જીંડવા અને અન્ય કચરો નાશ પામે તથા આવતા વર્ષે ઉપદ્રવ ઓછો થાય.
- કપાસની સાંઠીમાં જમીન માટે જરૂરી ઘણા પોષક તત્વો હોય છે જે કારણસર તેને બાળવાને બદલે તેના શ્રેડર વડે નાના ટુકડા કરી જમીનમાં ભેળવી સેન્દ્રીય ખાતર તરીકે ઉપયોગ કરવો.
- મરઘા ફાર્મમાં મરઘાઓના રક્ષણ માટે રાત્રીના સમયે તાપમાન જાળવવા માટે બલ્બનો ઉપયોગ કરવો
- રાત્રીના સમયે ઠંડા પવનથી રક્ષણ આપવા માટે પશુઓને ખુલ્લી જગ્યાએ બાંધવા નહી.
- જીરુંના પાકને ઝાંકળથી બચાવવા માટે વહેલી સવારે સુતરાઉ કાપડ અથવા કંતાન વડે ઝાંકળ ખંખેરી રોગનું જોખમ મહદઅંશે ઘટાડી શકાય.
- એરંડામાં ઘોડીયા ઈયળના નિયંત્રણ માટે ૨૦ મીલી ક્વીનાલ્ફોસ(૧.૫% ભુકી) ૧૦લી.પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
- ચણાના પાકનું વાવેતર કરેલ હોય તો તેમાં આવતી લીલી અને લશ્કરી ઈયળના નિયત્રણ માટે ૬ ગ્રામ એમામેક્ટીન બેન્ઝોયેટ અથવા ૨૦ મીલી ક્વીનાલફોસ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવાથી સારૂ પરીણામ મળે છે.
- મેથી અને ધાણાના પાકમાં ભુકીછારા રોગના નિયંત્રણ માટે હેક્ઝાકોનાઝોલ ૨૦ મીલી અથવા સલ્ફર ૮૦ % WP ૫૦ ગ્રામ/૧૫ લીટર પાણી ભેળવીને છંટકાવ કરવો.

**SMS**

- વાતાવરણ આંશિક વાદળછાયું રહેવાની શક્યતા હોય લસણ અને ડુંગળીના પાકનું વાવેતર કરેલ હોય અને તેમાં સુકારો આવતો હોયતો પાકમાં પિયતને મુલતવી રાખવું.

## પાક મુજબ કૃષિ સલાહ

| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| આંબો | | મધીયો |   આંબાના મધિયાના નિયંત્રણ માટે ઈમિડાકલોપ્રિડ ૧૦૦ લિટર પાણીમાં ૫૦ મિ.લિ. મિક્ષ કરી થડ, ડાળીઓ ઉપર છંટકાવ કરવો. શક્ય બને તો ફૂલો આવતા હોય ત્યારે કોઈ જંતુનાશક દવા છાંટવી નહીં જેથી પરાગનયન બરાબર થઈ શકે અથવા લીમડા તેલ આધારિત દવા ૧૦૦ લિટર પાણીમાં ૫૦૦ મિ.લિ. નાંખી છંટકાવ કરવો અથવા ગૌમૂત્ર ૧૦ લિટર, ગાયનું છાણ ૨ કિલો તેમજ જેટ્રોફા (રતનજ્યોત) ના પાન, આકડાના પાન, સીતાફળના પાન ૨,૨ કિલો લઇ કચરી તેનો રસ કાઢી, ઉકાળી ગાળી ૩-૪ દિવસ ઠરવા દઈ ૧૦ લિટર પાણીમાં ૫૦૦ મિ.લિ. ઉમેરી છંટકાવ કરવો. |
| | | મિલિબગ |  • મિલિબગ (ચીકટો) ના નિયંત્રણ માટે વાડીના શેઢા/ પાળા સાફ રાખવા. નવેમ્બર-ડિસેમ્બરમાં ખામણાં સાફ કરી મિથાઈલ પેરાથિયાન ડસ્ટ ૨ ટકા ભૂકી ખામણામાં ગોડ કરી આપવી. આ સિવાય આંબાના થડ ફરતે ગ્રીસ લગાડેલ ૨૦-૨૫ સે.મી. પહોળા ખામણામાં ગોડ કરી આપવી. આ સિવાય આંબાના થડ ફરતે ગ્રીસ લગાડેલ ૨૦-૨૫ સે.મી. પહોળા પ્લાસ્ટિકનો પટ્ટો બાંધવો. |

| | | | |
|---|---|---|---|
| **કપાસ** | **વીણી/ છેલ્લી વીણી અવસ્થા** | પાન પીળા/લાલ પડી જવા |  • પોષક તત્વોની ઉણપના લીધે કપાસના પાન પીળા અને લાલ થઇ જતા હોય તો, તાત્કાલીક પોષક તત્વોની પૂર્તિ કરવા બજારમાં મળતા ૧૯-૧૯-૧૯ (ના. ફો. પો.) એક પંપમાં ૧૦૦ ગ્રામ અને માઇક્રોમીક્સ (ગ્રેડ-૪) ૨૫ ગ્રામ નાખી બે થી ત્રણ વાર છંટકાવ કરવો જોઇએ. જેથી પાન પીળા/લાલ થતા અટકાવી શકાય. |
| | | **ચુસીયા પ્રકારની જીવતો** |    • તડ તડીયા, થ્રીપ્સ અને સફેદ માખીના નિયંત્રણ માટે મોનોક્રોટોફોસ (૦.૦૫%) ૧૫ મી.લી. અથવા ડાયમીથોએટ (૦.03%) ૧૫ મી.લી. ૧૦ લીટર પાણીમાં ઓગાળી ૧૫ દિવસના અંતરે જરૂરીયાત મુજબ છંટકાવ કરવો.સફેદ માખીના નિયંત્રણ માટે એસિટામેપ્રાઇડ ૨૦ એસ. પી. ૩ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો. |
| | | વીણી | • બિન પિયત વિસ્તારમાં કપાસની છેલ્લી વીણી સમયસર પૂર્ણ કરવી.<br>• છેલ્લી વીણી પછી ઘેટા બકરા ચરાવવા. જેથી ખુલ્યા **વગરના ગુલાબી ઇયળના નુકશાન વાળા જીંડવા અને અન્ય કચરો નાશ પામે.** ત્યારબાદ કરાંઠી સળગાવવી નહિ પરંતુ રોટાવેટર/મોબાઇલ ચોપરથી નાના ટુકડા કરી જમીનમાં દાંટી દેવા જેથી જમીન સેન્દ્રિય તત્વનો ઉમેરો થવાથી સુંક્ષ્મ જીવોની સંખ્યા વધશે અને જમીનના સ્વાસ્થયમાં સુધારો થશે. અથવા કરાંઠી ભેગી કરી શ્રેડરથી નાના ટુકડા કરીને છાણ, યુરીયા, કમ્પોસ્ટ કલ્ચર ઉમેરી દેશી(સેન્દ્રિય) ખાતર બનાવવું. |
| **રાઇ/ રાયડો** | **વાનસ્પતિક વૃધ્ધિ** | ભૂકીછારો |  આ રોગને અસરકારક રીતે કાબૂમાં લેવા વેટેબલ સલ્ફર ૮૦ વેપા ૨૫ ગ્રામ અથવા હેકઝાકોનાઝોલ ૫ ઇસી ૫ મિ.લી. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ઓગાળી પ્રથમ છંટકાવ રોગની શરૂઆત થયેથી કરવો અને રોગની તીવ્રતા મુજબ બીજા એક કે બે છંટકાવ ૧૫ દિવસના અંતરે કરવા. |
| **લસણ** | | ખાતર | • ૨૫ કિ.ગ્રા. નાઇટ્રોજન પૂર્તિ ખાતર તરીકે વાવણીનાં એક મહિના પછી આપવો. |
| | | આંતરખેડ અને નિંદાણ નિયંત્રણ | • ફેરરોપણી બાદ ૨૦ અને ૪૦ દિવસે એમ બે વખત હાથથી નીંદામણ કરવું. |
| | | પિયત | • જરૂરિયાત મુજબ પિયત આપવું. લસણમાં પાનનો પીળિયો રોગ આવે નહિ તે માટે વધુ પડતું પિયત આપવું નહિ. |
| **ચણા** | **બીજાન્કુરણ/ વાનસ્પતિક વૃધ્ધિ** | ખાતર | • ચણાના મૂળમાં રાઇઝોબિયમ જીવાણુની પ્રવૃત્તિ ૨૧ દિવસોમાં શરૂ થાય છે, તેથી છોડ પોતે જ હવાનો નાઇટ્રોજન વાપરવાની શક્તિ મેળવી લે છે. ચણાને આ કારણથી પૂર્તિ ખાતરની જરૂર નથી. ઘણા ખેડૂતો પિયત ચણામાં પૂર્તિ ખાતર તરીકે યુરિયા આપે છે જેથી ખોટો ખર્ચ થાય છે. ઉપરાંત તેનાથી નુક્સાન થાય છે. આમ વધારાનું નાઇટ્રોજન ખાતર આપવાથી છોડની વધુ પડતી વાનસ્પતિક વૃધ્ધિ થાય છે. આવા છોડમાં ફૂલો પણ મોડાં બેસે છે તેથી ચણામાં પૂર્તિ ખાતર ક્યારેય ન આપવું. |
| | | સુકારો | • ૧૫-૨૦ દિવસના ચણામાં સફેદ ફુગથી થતો સુકારો જોવા મળે તો તેના નિયંત્રણ માટે ટ્રાયકોડર્માં ફુગનો પાવડર ૨.૫ કી.ગ્રા./હે. મુજબ વાપરવો. |
| **ઘઉં** | **વાવેતર થી બીજાન્કુરણ** | વાવેતર | • મહત્તમ તાપમાન ૩૨ થી ૩૪ °સે. અને લઘુત્તમ તાપમાન ૧૮ થી ૨૦ °સે. જેટલું નીચું જાય ત્યારે કરવું જોઇએ.<br>• વહેલી વાવણી (૧૦ નવેમ્બર પહેલા): જી.જે.ડબલ્યુ ૪૬૩<br>• સમયસર વાવણી (૧૫ થી ૨૫ નવેમ્બર: લોક-૧, જી.ડબલ્યુ-૩૬૬, ૪૫૧, ૪૯૬<br>• મોડી વાવણી: (૨૬ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર): જી.ડબલ્યુ-૧૭૩, ૧૧, લોક-૧૧ |

| | | | |
|---|---|---|---|
| | | ખાતર | • મધ્યમ પોટાશ ધરાવતી જમીનમાં મગફળી (ખરીફ) – ઘઉં (રવિ) પાક પદ્ધતિમાં ઘઉંના પાકને પ્રતિ હેકટરે ૩૦ કી. ગ્રા. પોટાશ (૧૫ કિગ્રા પાયાના ખાતર તરીકે અને ૧૫ કિગ્રા ૩૦ દિવસે ) આપવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે.<br>• પાયના ખાતર તરીકે ૧૩૦ કી.ગ્રા ડીએપી, ૧૫ કિ.ગ્રા. યુરીયા અને ૧૦૦ કિ.ગ્રા. મ્યુરેટ ઓફ પોટાશ આપવું,<br>• જમીનમાં લોહ અને જસતનું પ્રમાણ ખામીયુક્ત અથવા મધ્યમ હોય તો ૧૫ કિગ્રા ફેરસ સલ્ફેટ અને ૮ કી.ગ્રા ઝીંક સલ્ફેટ પાયાના ખાતર તરીકે વાવણી વખતે દર વર્ષે જમીનમાં આપવું. |
| | | નિંદામણ નિયંત્રણ | • ઘઉંના પાકમાં હાથથી નિંદણ નિયંત્રણ હિતાવહ છે. આમ છતાં મજૂરોની અછત હોય તો,<br>• **વાવ્યા પછી અને ઉગાવા પહેલા (પ્રી-ઈમરજન્સ):** પેન્ડીમિથાઈલ દવા ૧૦ લીટર પાણીમાં ૫૫ મિ.લી. પ્રમાણે ઓગાળી વાવેતરના પિયત બાદ ૪૮ કલાકની અંદર છંટકાવ કરવો.<br>• **વાવ્યા પછી અને ઉગાવા બાદ (પોસ્ટ ઇમરજન્સ):** ઉભા પાકમાં પહોળા પાનવાળા નિંદામણનું પ્રમાણ વધારે હોય તો વાવેતર બાદ ૩૦ થી ૩૫ દિવસે મેટા સલ્ફ્યુરોન ૮ ગ્રામ પ્રતિ ૧૦૦ લીટર પાણી એટલે કે **0.**૮ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઓગાળી અથવા ૧૨ ગ્રામ ૨, ૪-ડી (એસ્ટર ફોર્મ) નિંદામણનાશક દવા ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. |
| | | મુકુટ તંતુ મૂળ અવસ્થા | • મુકુટ/તંતુ મૂળ અવસ્થાએ ૧૩૦ કી.ગ્રા. યુરિયા/હે. અને પિયત આપવું. |
| ધાણા | **બીજાન્કુરણ થી પ્રાથમિક ડાળીઓ** | નિંદામણ અને આંતરખેડ | • નીંદામણના ઉપદ્રવને ધ્યાનમાં રાખીને ૨-૩ આંતરખેડ અને બે હાથ નીંદામણ જરૂરિયાત રહે છે. જ્યાં મજૂરની અછત અને નીંદામણ વધારે હોય ત્યારે વાવણી બાદ તુરત જ નીંદણનાશક દવાઓ જેવી કે પેન્ડીમીથેલીન ૧.૦ કિ.ગ્રા. સક્રિય તત્વ અથવા ફ્લ્યુક્લોરાલીન ૦.૯ કિ.ગ્રા. સક્રિય તત્વ પ્રતિ હેક્ટર પ્રમાણે વાવણી પહેલાં છંટકાવ કરી પિયત આપવું અથવા વાવણી બાદ પિયત આપી, બે દિવસ બાદ છંટકાવ કરવો. |
| જીરું | **બીજાન્કુરણ થી પ્રાથમિક ડાળીઓ** | પિયત | • જીરૂના પાકમાં પ્રથમ પિયત વાવણી બાદ તૂરત જ આપવું.<br>• જીરૂનો ઉગાવો ૧૧ થી ૧૨ દિવસે થતો હોવાથી સારા ઉગાવા માટે બીજુ પિયત જમીનની પ્રત પ્રમાણે ૮ થી ૧૦ દિવસે સમયસર આપવું.<br>• ત્રીજુ પિયત નીંદામણ કર્યા બાદ ૩૦ દિવસે આપવું અને ચોથું પિયત ૫૦ દિવસે આપવું. |
| | | નિંદામણ અને આંતરખેડ | • જીરૂના પાકમાં જીરાળો નીંદામણ મોટાભાગે જોવા મળે છે. જીરાળાના નિયંત્રણ માટે વાવણી બાદ ૨૫ થી ૩૦ દિવસે અને ૫૦ થી ૬૦ દિવસે હાથથી નીંદામણ કરી નીંદણમુક્ત રાખી શકાશે.<br>• જીરૂને ઘણીવાર પૂંખીને વાવેતર કરવામાં આવે છે તેથી તેમાં રાસાયણિક પદ્ધતિથી નીંદણ નિયંત્રણ કરવું આવશ્યક બને છે. આ પદ્ધતિમાં પેન્ડીમિથેલીન ૧.૦ કિ.ગ્રા. સક્રિય તત્ત્વ હેકટરે ૫૦૦ થી ૬૦૦ લિટર પાણીમાં ઓગાળી વાવણી પછી પ્રથમ પિયત બાદ જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે પાકના ઉગાવા પહેલા એકસરખી રીતે જમીન પર છંટકાવ કરવો. |
| | | પાક સંરક્ષણ | • મોલોમશીનો ઉપદ્રવ જણાય તો શોષક પ્રકારની દવાનો છંટકાવ કરવો.<br>• ભૂકીછારા રોગના નિયંત્રણ માટે વહેલી સવારે ૩૦૦ મૈશનો ગંધક પાવડર હેક્ટરે ૧૫ થી ૨૦ કી.ગ્રા.અથવા પ્રોપીકોનેઝોલ અથવા હૈકઝાકોનેઝોલ ૧૦ મી.લી દવા ૧૦લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.<br>• જીરૂમાં ચરમી રોગના નિયંત્રણ માટે પાક ૩૦ દિવસનો થાય ત્યારે મેન્કોઝેબ ૭૫% વેટેબલ પાવડર ૨૫ ગ્રામ અથવા એઝોક્સીસ્ટ્રોબીન ૨૩ એસસી ૧૦ મિ.લી. અથવા |

| | | | |
|---|---|---|---|
| | | | પ્રોપીનેબ ૭૦ વે.પા.૧૫ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઇસી ૧૦ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી જરુયાત મુજબ છંટકાવ કરવો. |
| **તરબૂચ** | **વાવેતર** | વાવેતર | • શિયાળાની ઋતુનું ફળ મેળવવા માટે કે જયારે સારા બજારભાવ મળે તે માટે વરસાદ પૂરો થાય કે તરત સપ્ટેમ્બર થી ઓક્ટોબર ના અંત સુધીમાં તરબુચનું વાવેતર કરવું જેથી તેને ૫૫ દિવસ સુધી ગરમી મળે અને વાનસ્પતિક વિકાસ થેઇ જાય પછી ઠંડી પડે તો પણ એના ફળ ના વિકાસ માટે કઈ વાંધો આવતો નથી. |
| **એરંડા** | **ફૂલ અવસ્થા થી ફૂલ ની વૃદ્ધિ** | ઘોડિયા ઈયળ | • દિવેલાના પાકમાં ઘોડીયા ઈયળની સંખ્યા છોડ દીઠ ૪ થી વધુ હોય ત્યારે તેના નિયંત્રણ માટે ક્લોરપાયરીફોસ ૨૦ ઇસી ૨૦ મીલિ અથવા ક્વિનાલફોસ ૨૫ ઇસી ૨૦ મીલિ ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. |
| | | સફેદમાખી, થ્રિપ્સ અને તડતડિયા | • ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજના ૫૦૦ ગ્રામ ભૂકાનો અર્ક (૫% અર્ક) અથવા બ્યૂવેરીયા બેસીયાના પાઉડર ૬૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.<br>• સફેદમાખી, થ્રિપ્સ અને તડતડિયાંનો વધુ ઉપદ્રવ જણાય તો ડાયમિથોએટ 3૦ ઇસી ૧૦ મિ.લી. અથવા મેલાથીઓન ૫૦ ઇસી ૧૦ મિ.લી. અથવા ફ્લોનિકામાઇડ ૫૦ ડબલ્યૂજી 3 ગ્રામ અથવા ડાયફેન્થ્યૂરોન ૫૦ ડબલ્યૂપી ૧૦ ગ્રામ અથવા ઈમિડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ 3 મિ.લી. અથવા પ્રોફેનોફોસ ૫૦ ઇસી ૧૦ મિ.લી. અથવા સ્પીનોસાડ ૪૫ એસસી 3 મિ.લી. અથવા એસીફેટ ૫૦% ઈમીડાક્લોપ્રીડ ૧.૮% એસપી ૧૦ મિ.લી. અથવા એસીફેટ ૨૫% ફેનવાલરેટ 3% ઈસી ૧૦ મિ.લી. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| **લીંબુ** | **ફળ/ફૂલ અવસ્થા** | સામાન્ય | • ઉનાળામાં વધુ ફાલ લેવા માટે ચોમાસું પૂરું થયા બાદ વાડીને ખેડી નાખવી અને ૨૦ દિવસ સુધી જમીનને તપવા દેવી, સુકી અને રોગીસ્ટ ડાળીઓ કાપી દૂર કરવી અને બોર્ડો મિશ્રણ નો છંટકાવ કરવો, ૨૦ દિવસ બાદ ભલામણ મુજબ ખાતર આપી હળવું પિયત આપવું જેથીફૂલો આવાની શરૂઆત થશે. ઘણી વખત આવી માવજત આપ્યા બાદ વાનસ્પતિક વૃદ્ધિ થવાથી ફૂલો આવતા નથી આવા સંજોગો માં ૧૦ ppm 2.4.D. અથવા ૫૦ ppm NAA નો ૧% યુરિયા દ્રાવણ સાથે છંટકાવ કરવો. |
| | | | • લીંબુના પાકમાં ચોમાસાની ઋતુમાં ફળો ઉતારવાની પ્રક્રિયા ચાલુ હોય છે. વધુ વરસાદને કારણે પાણી ભરાઈ રહેવાથી લીંબુના ફળો જલ્દી પીળા પડી પાકી જાય છે અને સાથે સાથે વધુ ભેજ હોવાથી લીંબુમાં બળીયા ટપકાં (સાઇટ્રસ કેન્કર) નામનો રોગ જલ્દી ફેલાય છે. આ રોગના નિયંત્રણ માટે સ્ટ્રેપ્ટોસાયકલીન અને બાવિસ્ટીનના મિશ્રણનો છંટકાવ ૧૫ દિવસના અંતરે બે વાર કરવો જરૂરી છે. |
| **ડુંગળી** | | રીંગ વળી જવી અને જાંબલી ધાબાનો રોગ | • ડુંગળીમાં જાંબલી ધાબા, કોલેટોટ્રાયકમ અને ફ્યુઝેરીયમ ફૂગનો રોગ લાગે નહિ તે માટે પ્રોપીકોનાઝોલ, મેન્કોઝેબ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૧૫ ગ્રામ ૧ પમ્પમાં વારાફરતી કોઇપણ એક દવા નાખીને ૧૫ દિવસના અંતરે 3 છંટકાવ કરવા.<br>• સફેદ કાંજી ડુંગળીના વાવેતર સમયે કાર્બેન્ડાઝીમ દવા ૨ થી ૩ ગ્રામ પ્રતિ કિલો મુજબ પટ આપીને પછી વાવેતર કરવું.<br>• શિયાળુ ડુંગળીનો રોપ ગાદી ક્યારા બનાવી તૈયાર કરવો. |
| **શાકભાજી ના પાકો** | | ધરું ઉછેર/રોપણી વાવેતર | • મરચી,ટમેટી, રીંગણ, અને કોબીઝના ધરું તૈયાર કરવા (ગ્રીન શેડ નેટમાં અને નેટની ઊંચાઈ ૬.૫ ફૂટ રાખવી) ગાદી ક્યારા બનાવી તેમાં બીજનું વાવેતર કરવું. ધરું તૈયાર હોય તો ફેર રોપણી કરવી.<br>• જમીન જન્ય ફૂગનો ઉપદ્રવ ના થાય તે માટે બીજને મેન્કોઝેબ અથવા થાયરમ અથવા વીટાવેક્ષ પૈકી કોઇ એક દવાનો ૨-૨.૫ ગ્રામ પ્રતિ કિલ્લો બીજ મુજબ પટ આપવો. તેમજ વાવેતર બાદ ૧૦-૧૫ દિવસે મેન્કોઝેબ ૭૫ % વે.પા.નું ૨.૫ ગ્રામ પ્રતિ લીટર |

| | | |
|---|---|---|
| | | પાણીમાં મિશ્ર કરી ધરુના ક્યારામાં ડ્રેન્ચિંગ કરવું જેથી સુકારો ના આવે. |
| | પાનકોરીયું |   • પાનકોરીયાના નિયંત્રણ માટે સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મીલિ અથવા સાયાન્ટ્રાનિલીપ્રોલ ૧૦ ઓડી ૨૦ મીલિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| | ધરૂ મૃત્યુ/ ધરૂનો કોહવારો |  • રોગ દેખાય ત્યારે એઝોક્સિસ્ટ્રોબીન ૨૩ એસસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણી અથવા ફેનામીડોન ૧૦% + મેન્કોઝેબ ૫૦% વેપા ૩૦ ગ્રામ ૧૦ લિટર પાણીનો છંટકાવ કરવો અથવા મેટાલેક્ષીલ એમઝેડ ૬૮ વેપા ૨૦૦ લિટર પાણીમાં ૩૨ ગ્રામ મુજબ ઓગાળી એક ગુંઠા વિસ્તારમાં ઝારાથી રેડવું અથવા બોર્ડો મિશ્રણનું દ્રાવણ ઝારાની મદદથી પ્રતિ ચોરસ મીટરે ૨ લીટર મુજબ આપવું. |
| | કોકડવા |  • રોગનો ફેલાવો સફેદમાખીથી થતો હોઇ તેના નિયંત્રણ માટે મરચીના પાકમાં ફેનપ્રોપેથ્રીન ૩૦ ઇસી ૩.૪ મિ.લિ. અથવા પાયરીપ્રોક્ષીફેન ૧૦ ઇસી ૧૬.૬૭ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણી તેમજ ટામેટીના પાકમાં સાયાન્ટ્રાનિલિપ્રોલ ૧૦.૨૬ ઓડી ૧૮ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસસી ૧૨.૫ મિ.લિ. અથવા થાયામેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ અથવા ઇમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| | સફેદ માખી | • રીંગણી અને ટામેટીમાં સફેદ માખીના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને ડાયફેન્થાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૫ મિ.લી. દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ | • ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો નુકશાન પામેલ ફળ અને ડોકા તોડીને જમીનમાં દાંટી દેવા અને ક્લોરાનટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી (રીનાક્ષીપાયર) દવા ૩ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | પાન કથીરી | • રીંગણમાં જો પાનકથીરીનો ઉપદ્રવ હોય તો ઈથીઓન ૫૦ ટકા ઇસી ૧૫ મિલી અથવા પ્રોપરગાઈટ ૫૭ ઈ.સી. ૧૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| **પશુપાલન**  | | • ખરવા-મોવાસાની રસી અપાવવી.<br>• કૃમિનાશક દવા પીવડાવવી.<br>• પશુઓને સમતોલ આહાર આપવા માટે રજકો, સૂર્યમુખી અને ઓટની વાવણી કરવી.<br>• પશુને ઠંડીથી બચાવવા ગોળ ખવડાવવો.<br>• પશુઓના સ્વાસ્થ્યની તપાસ કરાવવી.<br>• નાના બચ્ચાને સમયાંતરે કૃમિનાશક દવાઓ આપવી.<br>• બાવલાના રોગો માટેની સારવાર કરાવવી. |

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા બનાવવામાં આવેલા અમરેલી જીલ્લાના **હવામાન આધારિત કૃષિ સલાહ** અંગેના તાલુકા મુજબના **વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે** તમારા તાલુકા પર ક્લિક કરો.

**જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU),** ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, અમરેલી-૩૬૫૬૦૧, ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

## અમરેલી જીલ્લો



# District Agrometeorological Unit (DAMU)

## Gramin Krishi Mausam Seva (GKMS)
## Krishi Vigyan Kendra
## Junagadh Agricultural University
## Amreli-365601
## Phone: 02792-227122


Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department

#AmritMahotsav

**Join our Telegram channel and block wise WhatsApp groups**

**Amreli District Agromet Advisory Service bulletin. No. 100 (2021)**
**Date:14-12-2021**

### Significant weather of past week, Amreli

| # | Parameter | 08/12/2021 | 09/12/2021 | 10/12/2021 | 11/12/2021 | 12/12/2021 | 13/12/2021 | 14/12/2021 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0.0 | 0.0 | 0.0 | 0.0 | 0.0 | 0.0 | 0.0 |
| 2 | Max.Temp.(°C) | 28.8 | 29.8 | 29.0 | 29.8 | 30.4 | 29.9 | 29.0 |
| 3 | Min.Temp.(°C) | 18.0 | 16.8 | 17.4 | 16.4 | 17.4 | 16.0 | 14.6 |
| 4 | RH-I (%) | 72 | 69 | 67 | 67 | 66 | 78 | 74 |
| 5 | RH-II (%) | 43 | 36 | 43 | 42 | 37 | 36 | 27 |
| 6 | Wind Speed (kmph) | 6.4 | 5.3 | 5.7 | 5.7 | 4.5 | 3.2 | 3.2 |
| 7 | Wind Direction(deg.) | NNE-22.5 | N-360 | NE-45 | NNE-22.5 | NE-45 | N-360 | N-360 |
| 8 | Total CC (octa) out of 8 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |

**Weather Forecast from 15/12/2021 to 19/12/2021**

| # | Parameter | 15/12/2021 | 16/12/2021 | 17/12/2021 | 18/12/2021 | 19/12/2021 |
|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 30 | 30 | 29 | 27 | 27 |
| 3 | Min.Temp.(°C) | 14 | 15 | 13 | 12 | 12 |
| 4 | RH-I (%) | 34 | 40 | 29 | 37 | 32 |
| 5 | RH-II (%) | 18 | 24 | 24 | 16 | 22 |
| 6 | Wind Speed (kmph) | 15.2 | 16 | 18.8 | 19.6 | 21 |
| 7 | Wind Direction(deg.) | NNE-32 | ENE-63 | ESE-124 | NNE-25 | NNE-24 |
| 8 | Total CC (octa) out of 8 | 3 | 4 | 2 | 0 | 0 |

**Note: Above forecast is the average situation of whole district**

### Agro-Advisory

| Weather Summery | |
|---|---|
| | ▪ The weather in Amreli District is likely to be relatively less humid, and clear and cool in next 5 days, No probability of rainfall. The minimum temperature is likely to be 12-15 °C. The maximum temperature is expected to be 27-30 ° C.<br>▪ Wind speed likely from NNE to ESE with gusts of 15 to 21 km/h.<br>▪ Extended Range Forecast: No probability of rainfall from 19th to 25th December over |

| | |
|---|---|
| | the sauratra region. Maximum temperature and minimum temperature likely remains normal on period of extended range forecast. |
| **General Advisory** | • Rabi crops (Wheat, Gram, Cumin, Linseed and Mustard): For its proper growth keep the field weed free. Carry out hoeing operation after 20 days sowing and follow it after one month. After hoeing weeding should be carried out if required.<br>• If farmers want to grow wheat after the cotton, he can choose the late sowing variety of wheat viz. GW-173, GW-11, Lok-11, etc.<br>• Animals like goats, sheep should be allowed to graze on the cotton fields after the last picking to prevent infestation of pink ballworm in subsequent year.<br>• Make arrangements to protect livestock from cold winds. Make use of bulbs to maintain proper temperature in the poultry house.<br>• To protect animals from cold winds, keep cattle indoors at night time.<br>• The risk of diseases can be significantly reduced by the rattling of dew from the crop with a cotton cloth or linen in the early morning to protect the cumin crop from dew in the upcoming days.<br>• Make organic manure of cotton stalk by shredding and mixing in soil instead of burn it.<br>• For control of Semilooper in castor, Spray quinalphos @ *20* ml (*1.5%* powder) in *10* liters of water.<br>• Apply spray of emamectine benzoate @ *6* g or quinalphos @ *20* ml in *10* liters for control of Heliothis in chickpea of water and sprayed gives good results.<br>• To control powdery mildew in fenugreek and coriander crop, spray hexaconazole @ *20* ml or sulfur *80%* WP @ *50* gm / *15* liters of water |
| **SMS Advisory:** | • Postponed the irrigation in Onion and Garlic crop due to partly cloudy weather forecasted in next five days. |

| Crops | Crop Stage | Practices | Advisory |
|---|---|---|---|
| **Mango** | | Mango Hoppers | • Apply spray Imidacloprid @ 50 ml in 100 lit of water on stem of the orchard. Do not spray insecticides in mango during the flowering for the better pollination process. Or can spray of neem oil @ 500 ml Or Make mixture of Cow urine @ 10 lit + Cow dung @ 2 kg + Jetropha leaves @ 2 kg + Giant calotrope leaves @ 2 kg+ custard apple leaves @ 2 kg and spray after 3 days after boil it. |
| | | Mealy bug | • Keep clean the borders of the orchard, and apply Methyle parathione 2% Dust in furrow. Or Fastening of alkathene sheet (400 gauge)/grease band of 25 cm |

| | | | |
|---|---|---|---|
| | | | wide afterwards mud plastering of trunk at 30 cm above the ground in the middle of December. |
| **Cotton** | **Vegetative to first square/ picking stage** | Yellowing Leaves of cotton |  • If there is observed cotton leaves yellow and red, then spray 19-19-19 (N.P.K) @ 100g and Micromix (Grade-4) @ 25g per pump in 2 to 3 replications. |
| | | Sucking pests |  • Apply monocrotophos 0.05% @ 15 ml of Dimethoate 0.03% @ 15 ml in 10 lit of water @ 15 days of interval. If there is more infestation of whitefly, spray acetamiprid 20 SP @ 3 g in 10 lit. of water. |
| | | Picking and Pulling | • Carry out picking in time.<br>• Animals like goats, sheep among others, should be allowed to graze on unopened bolls and plant debris in the cotton fields after the last picking to prevent infestation in subsequent year. After grazing, don't burn cotton stalk but do in situ chopping & burying of cotton stalk in soil by mobile chopper and rotavator to improve soil biomass and health. |
| **Mustard** | **Vegetative growth** | Powdery mildew | • Apply spray of Sulphur 80 WP @ 25 g or hexaconazole 5 EC @ 5 ml in 10 litre of water in two splits after the initiation of the disease |
| **Garlic** | | Fertilizer | • Apply 25 kg Nitrogen fertilizer at one month after sowing as supplementary dose. |
| | | Interculturing and Weed management | • Two hand weeding 20 and 40 days after transplanting are recommended. |
| | | Irrigation | • Irrigation as required. Do not over-irrigate garlic to prevent leaf blight. |
| **Chickpea** | **Germination to vegetative growth** | Sowing | • Sowing the irrigated varieties from first fortnight of November, and non-irrigated varieties in last week of October month. |
| | | fertilizer | • The activity of Rhizobium bacteria in chickpea roots starts in 21 days, so the plant itself acquires to use nitrogen from the air. Chickpeas do not need adequate fertilizer for this reason. Many farmers apply urea as a supplement to irrigated chickpeas at a wrong cost. It |

| | | | |
|---|---|---|---|
| | | | also causes damage. Thus giving excessive nitrogen fertilizer leads to excessive vegetative growth of the plant. Such plants also have late flowering so never apply supplement fertilizer dose to chickpeas. |
| | | Wilt | • Apply 2.5 kg/ha If there observe fungus or wilting in chickpea |
| **Wheat** | **Sowing to Germination** | Sowing | • Sowing the timely variety of wheat when maximum temperature down at 32 to 34 °C and minimum temperature lies between 18 to 20 °C.<br>• Early sowing: (before 10th November): GJW-463.<br>• Timely Sowing: (15th to 25th November): Lok-1, GW-366, 496.<br>• Late sowing: (26th November to 10th September): GW-173,11 and Lok-11. |
| | | Fertilizer | • Farmers can gain more economic benefit by application of Potassium @ 30 kg (15 kg as a basal dose and 15 kg as supplement dose at 30 days after sowing) for soil having medium range of potash and previous crop is groundnut in kharif.<br>• Apply DAP @ 130 kg, Urea @ 15 kg and MOP @ 100 kg per hectare as a basal dose.<br>• Apply zink sulphate @ 8 kg and Ferus sulphate @ 15 kg every year if there are deficiency of zinc and iron. |
| | | Weed management | • Hand weed control is advisable in wheat crop. However, if there is a shortage of labor,<br>• Pre-Emergence: Appy Pendimethalin @ 55 ml in 10 liters of water. Spray after 48 hours after irrigation of sowing.<br>• Post emergence: Apply metsulfuron-methyl @ 0.8 g/10 lit. water 30 to 35 days after sowing for the control of broad leaves weeds. |
| | | Crow root Initiation | • Apply Irrigation after the application of urea @ 130 kg/ha at crow root initiation. |
| **Corriender** | **Germination to primary branches** | Weeding and Interculturing | • Two hand weeding and 2 to 3 interculturing operations are recommended, Or Apply pendimethaline 1.0 kg a.i or fluchloralin 0.9 kg a.i/ha as a pre-emergence if there is shortage of labour. |

| | | | |
|---|---|---|---|
| **Cumin** | | Sowing | • Recommended variety: Gujarat cumin-4.<br>• Sowing time: 1st fortnight of November. |
| | | Fertilizer | • Apply FYM @ 8 to 10 t/ha during land preparation, and Nitrogen @ 15 kg and Phosphorous @ 15 kg per hectare during sowing. |
| | | Irrigation | • Apply light irrigation after sowing.<br>• Apply second irrigation 8 to 10 days after sowing since, germination of the crop at 11 to 12 days. |
| | | Weeding and Interculturing | • Keep crop weed free by doing weedng at 25 to 30 and 50 to 60 days after sowing.<br>• If there is sowing of the crop is done by broadcasting method then apply Pendimethalin @ 1.0 kg a.i. in 500 to 600 liters of water as a pre-emergence for the weed control. |
| | | Crop protection | • Apply spray of systemic insecticide if there observe infestation of aphids.<br>• Apply spray of Propiconazole @ 10 ml/10 liter in water or Hexaconazole or Supher @ 15-20 kg/ha for control of powdery mildew.<br>• Apply spray of Mancozeb 75 WP @25 g liter or Azoxystrobin 23 SC @ 10 ml or Propineb 70 WP @ 15 g or Propiconazole 25 EC @ 10 ml in 10 liter of water for the control of fusarium wilt. |
| **Water Melone** | **Sowing** | | • For take good market return sowing of water melone should be done in September and October month |
| **Castor** | **Flowering to anthesis** | Castor Semilooper | • Apply Chlorpyriphos 20 EC or Quinalphos 25 EC @ 20 ml/10 litre water if there observed ≥4 Larvae of casor semilooper per plant. |
| | | White fly, Thrips and jassids | • Apply spray of neem seed kernal powder @ 500 g or Beauveria bassiana @ 60 g in 10 litres of water at the initiation of the infestation.<br>• Apply spray of Dimethoate 30 EC 10 ml Or Malathion 50 EC 10 ml. Or Flonicamid 50 WG 3 gm or Diafenthiuron 50 WP 10 gm or Imidacloprid 17.8 SL 3 ml Or Profenofos 50 EC 10 ml. Or Spinosad 45 SC 3 ml Or Acephate 50% midacloprid 1.8% SP 10 ml Or Acephate 25% Fenvalerate 3% EC 10 ml if there observed more infestation. |

| | | | |
|---|---|---|---|
| **Citrus** | **Flowering/ Fruiting** | Lemon Butterfly |  • Hand picking and destroy the larvae from the orchard.<br>• Spray neem seed kernal extract 500 g (5%) in 10 liter water at intial stage of pest.<br>• If there is more infestation, Spray quinalphos 25 EC @ 20 ml/ 10 liter of water. |
| | | Leaf miner | • Apply monocrotophos 0.05% @ 15 ml of Dimethoate 0.03% @ 15 ml in 10 lit of water @ 15 days of interval. If there is more infestation of whitefly, spray acetamiprid 20 SP @ 3 g in 10 lit. of water. |
| **Onion** | | Purple blotch, Collatotricum, and fusarium wilt | • Seed should be sown on raised seedbed for seedling purpose.<br>• Cary out transplanting of onion, if seedling is ready.<br>• For the control of purple blotch blight and fusarium wilt disease in onion make 3 alternate sprays of Mancozeb 25 gm and Carbendazim 10 gm in 10 litres of water at 10 days interval. |
| **Vegetable Crops** | **Seedling, Vegetative and Fruiting** | Transplanting | • Carry out transplanting for tomato, chili, brinjal and early cauliflower those who have seedlings ready for T.P.<br>• To prevent soil borne disease drenching of nursery bed should be done with Mencozeb 75 % WP @ 2.5 gm/ litre of water after 15 DAS. |
| | | Leaf miner |   Spray Spinosad 45 SC @ 3 ml or Cyantraniliprole 10 OD @ 20 ml in 10 liters of water for control of leaf miner. |
| | | Damping off |  • When the disease appears, spray azoxystrobin 23 SC @10 ml or fenamidone 10% + Mancozeb 20% WP 30 gm in 10 liters of water or drenching of metalaxyl MZ 68 WP @ 32 g in 200 liters of water per 100 square meter or supply bordeux mixture @ 2 litre per square meter. |

| | | |
|---|---|---|
| | Sucking pest | • For minimize population of whitefly, Spray 500 ml of 5 % neem seed extract or neem oil 50 ml or Difenthiuron 50 WP @ 16 gm / 10 lit of water. |
| | Shoot & Fruit borer | • In brinjal and tomato crops, monitoring of borers by using pheromone traps 4-6 per acre is advised. For control of shoot and fruit borer in brinjal and tomato crops, infested fruits and shoots should be collected and buried into the soil. If insect population is above ETL then spraying of chlorantraniliprole18.5 % SC 3.0/10 litre of water is advised. |
| | Mites | • If infestation of mite is observed in brinjal, then spraying of Ethion 50 EC 15 ml or Propargite 57 % EC @ 10 ml/ 10 litre of water. |
| **Livestock**  | | • Apply FMD vaccine to the animals.<br>• Give Deworming tablet.<br>• Sowing of Lucerne, Sunflower, and Oat for the balanced diet of animals.<br>• Feed jaggary to the animals for the preventing from the cold.<br>• Regular health check-up to the animals.<br>• Periodically give deworming to the young calf.<br>• Getting treatment for mastitis diseases. |

## Click your block to join whatsapp group of DAMU

